GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(Gujarat VepariMahamandal)
ShriAmbica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.orgWebsite: www.gujaratchamber.org

Press Note

**Press Release**

7738

20th July, 2019

**Business Women Wing of GCCI Celebrated their Foundation Day as Rededication Towards Empowering Women Entrepreneurs on Their Path of Growth & Success.**

===========

On Saturday, 20th July, 2019, Business Women Wing of Gujarat Chamber of Commerce & Industry celebrated their Foundation Day in the august presence of **Mr. Shaan Zaveri,** Partner of AMAYA Properties and Owner of renowned Swati Restaurant.

Business Women Wing Chairperson **Smt. Phani Trivedi** mentioned in her Theme Message that the Women Entrepreneurs of Gujarat have great untapped potential and there are also many women aspiring to become entrepreneurs. It is the mission of Business Women Wing to tap this hidden potential as well as motivate & inspire many more women to become self-reliant through the path of entrepreneurship.

On the occasion all the Past Chairpersons of Business Women Wing were felicitated for their exemplary leadership over the years.

In his address **Chief Guest Shaan Zaveri** admired the fine work being done by GCCI as well as by Business Women Wing and their huge contribution towards the exponential growth of Trade & Industry in Gujarat. He remarked that it is heartening that GCCI established 7 decades back and Business Women Wing established in the year 1985 have remained relevant with the changing times.

In her message for the occasion Past Chairperson and one of the pillars of **GCCI Business Women Wing Smt. Nandiniben Munshaw** recalled the beginning & growth of Business Women Wing and its significant contribution in empowering women entrepreneurs through a variety of programmes carried out over the years.

On the occasion the Vote of Thanks were proposed by Business Women Wing Co-Chairperson **Smt. Archana Gupta.**

The celebrations were moderated by BWW Working Committee Members **Smt. Kusum Kaul Vyas** and **Smt. Shilpa Bhatt.**

---

Editor/Chief Reporter/Commercial Editor/Bureau Chief/News Editor
For Favour of publication

19/7/2019

**Kratu Desai**
Secretary General

GCCI
# Gujarat Chamber of Commerce & Industry
Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 Fax No. 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

7738

## Press Note

તારીખ 20 જુલાઈ, 2019

ગુજરાત ચેમ્બર્સની બિઝનેસ વિમેન વિંગ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી
- ગુજરાતની મહિલા ઉધોગકારોને પ્રગતીના પથ પર સંપૂર્ણ સહકાર આપવા કૃતનિશ્ચય

===========

શનિવાર, તારીખ 20 જુલાઈ, 2019 ના રોજ ગુજરાત વેપારી મહામંડળની બિઝનેસ વિમેન વિંગ દ્વારા તેઓના સ્થાપના દિવસની ઉજવણી મુખ્ય મહેમાન **શ્રી શાન ઝવેરી**ની ઉપસ્થિતિમાં કરવામાં આવી. શ્રી શાન ઝવેરી, અમદાવાદ સ્થિત અમાયા પ્રોપર્ટીસના પાર્ટનર તેમજ નામાંકિત સ્વાતિ રેસ્ટોરન્ટના ઓનર છે.

આ પ્રસંગે પોતાના થીમ વ્યક્તવ્યમાં બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સન **શ્રીમતી ફણી ત્રિવેદી**એ જણાવ્યું કે ગુજરાતના મહિલા ઉધોગકારોએ વર્ષોવર્ષ ખુબજ સફળતા મેળવેલ છે પરંતુ હજુ પણ વિકાસની અનેકવિધ શક્યતાઓ રહેલ છે તેમજ અનેક મહિલાઓ જેઓ પોતાનો ઉધોગ શરુ કરવા માંગે છે તેઓને સહાય તેમજ માર્ગદર્શનની તાતી જરૂર છે જે કાર્ય આગામી વર્ષમાં હાથ ધરવા ગુજરાત ચેમ્બર્સ ની બિઝનેસ વિમેન વિન્ગ કૃતનિશ્ચય છે.

આ પ્રસંગે બિઝનેસ વિમેન વિન્ગના તમામ પૂર્વ-ચેરપર્સનનું તેઓના વર્ષોવર્ષ પુરા પડેલ સફળ નેતૃત્વ માટે સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાનશ્રી **શાન ઝવેરી** એ ગુજરાત વેપારી મહામંડળ તેમજ બિઝનેસ વિમેન વિંગની પ્રવૃત્તિઓની પ્રશંશા કરી હતી અને જણાવ્યું હતું કે ગુજરાતમાં વ્યાપાર વ્યવસાયના થયેલ અભૂતપૂર્વ વિકાસમાં ચોક્કસ પણે ગુજરાત ચેમ્બર્સ તેમજ બિઝનેસ વિમેન વિંગનો ફાળો નોંધનીય રહેલ છે.

તેઓએ તે બાબતની પણ નોંધ લીધી હતી કે સાત દાયકા જેટલા લાંબા સમય પછી પણ ગુજરાત વેપારી મહામંડળ આજના વ્યાપાર ઉધોગ તેમજ સરકાર સાથે તાલબદ્ધ રીતે કાર્ય કરી રહેલ છે તેમજ બિઝનેસ વિમેન વિન્ગ પણ વર્ષ 1985 માં થયેલ તેની સ્થાપના પછી આજે પણ એટલીજ ગતિશીલ છે.

પોતાના પ્રાસંગિક સંદેશમાં બિઝનેસ વિમેન વિન્ગના પૂર્વ ચેરપર્સન, તેમજ બિઝનેસ વિમેન વિંગના વિકાસમાં જેઓનો સિંહફાળો રહેલ છે તેવા **શ્રીમતી નંદીનીબેન મુન્શા**એ બિઝનેસ વિમેન વિંગની સ્થાપનાથી વર્તમાનસમય સુધીના વિકાસ વિશે વાત કરી હતી તેમજ ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત બધાજ મહેમાનો તેમજ સભ્યો પરત્વે બિઝનેસ વિમેન વિંગના કો-ચેરપર્સન **શ્રીમતી અર્ચનાબેન ગુપ્તા**એ આભારવિધિ કરેલ હતી.

સમગ્ર પ્રસંગનું સંચાલન બિઝનેસ વિમેન વિન્ગ વર્કિંગ કમિટીના સભ્ય **શ્રીમતી કુસુમ કૌલ વ્યાસ** તેમજ **શ્રીમતી શિલ્પા ભટ્ટે** કરેલ.

---

પ્રતિ,

સંપાદકશ્રી,/ મુખ્ય રિપોર્ટર,/ કૉમર્શિઅલ સંપાદક,/ બ્યુરો ચીફ,/ ન્યૂઝ એડિટર.

ઉપરોક્ત પ્રેસ નોટ આપના અખબાર-પત્ર માં સામેલ કરવાની વિનંતી સાથે.

19/7/2019

ઋતુ દેસાઈ
સેક્રેટરી જનરલ, GCCI